# રાજ્યમાં નવા ૩૬૨ કેસ, ૪૬૬ દર્દીને ડિસ્ચાર્જ

## ગુજરાતમાં કેસોની સંખ્યા ૮૯૦૪ સુધી પહોંચી : અમદાવાદમાં ૨૬૭ અને સુરતમાં ૩૦ કેસ : રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩૬૨ કેસ નોંધાયા રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૪ના મોત થયા

ગાંધીનગર,તા.૧૨

દેશભરમાં કોરોના કેસોની સંખ્યા અવિરત વધી રહી છે. આવી જ રીતે અનેક રાજ્યોમાં પણ કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં કેસોની સંખ્યા ૮૯૦૪ નોંધાઈ ચુકી છે અને મોતનો આંકડો વધીને ૫૩૭ ઉપર પહોંચી ચુક્યો છે. સરકાર દ્વારા અનેક પગલાઓ લેવા છતાં કેસોની સંખ્યા વધી રહી છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૩૬૨ કેસ નવા નોંધાઈ ચુકયા છે. જયારે ૪૬૬ દર્દી ડિસ્ચાર્જ થયા છે. આમ અત્યાર સુધીમાં કુલ ૮,૯૦૪ કેસ નોંધાયા છે અને મૃત્યુઆંક ૫૩૭ થયો છે. તેની સાથે સાથે ૩,૨૪૬ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૦૬૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જયારે ગઈકાલે ૨,૯૭૮ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આમ કુલ ૮૮ ટેસ્ટ વધુ થયા છે અને ૧૧ મે કરતા ૨૦ કેસ વધુ પણ આવ્યા છે. આમ ટેસ્ટ વધ્યા હોવાથી કેસ પણ વધ્યાં છે. રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ વિભાગના કમિશનર દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનને એક પત્ર મોકલવામાં આવ્યો છે, જેમાં જણાવવામાં આવ્યું છેકે, એફએસએસએઆઈ દ્વારા સ્પષ્ટ જણાવવામાં આવ્યું છેકે, ખાદ્ય ચીજવસ્તુઓ દ્વારા કોરોના વાઈરસનું સંક્રમણ ફેલાતું નથી. તેમજ ઠંડા પીણા, આઈસક્રીમ, ફ્રોઝન ફૂડ જેવી ખાદ્ય ચીજવસ્તુઓના સેવનથી કોરોના ફેલાતો નથી. આથી આ પ્રકારની વસ્તુઓનું યોગ્ય રીતે ઉત્પાદન, સંગ્રહ વહન તથા વેચાણ કરવામાં આવતું હોય તો તેને કારણ વગર અટકાવવામાં ન આવે. રાજ્ય પોલીસવડાએ જણાવ્યું છેકે, રેલવે દ્વારા અમુક ટ્રેન શરૂ કરવામાં આવી છે. ટિકિટનું બુકિંગ ઓનલાઈન જ થાય છે. જેથી લોકોએ ટિકિટ લેવા રેલવે સ્ટેશન જવું નહીં. ઓનલાઈન બુકિંગ કન્ફર્મ ઈ ટિકિટ પર જ રેલવે સ્ટેશનમાં પ્રવેશ અપાશે. રેલવે સ્ટેશન પર આવતા માસ્ક અને સેનિટાઈઝરનો ઉપયોગ કરવો અને સોશિયલ ડિસ્ટન્સ જાળવી રાખવું પડશે. પોલીસને આ ગાઈડલાઈનનું પાલન કરાવવા સૂચના આપવામાં આવી છે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે જણાવ્યું છેકે, ૧૪મી મે, ગુરુવારથી રાજકોટમાં જિલ્લા કલેકટરની મંજૂરીથી ઉદ્યોગ-ધંધા શરૂ કરવામાં આવશે. કન્ટેન્મેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં ઉદ્યોગ ધંધો, ઈન્ડસ્ટ્રીને ફરીથી ચાલુ કરવાની જાહેરાત રાજ્ય સરકાર દ્વારા કરવામા આવી છે. રાજકોટનો સમાવેશ અગાઉથી જ ઓરેન્જ ઝોનમાં કરવામાં આવ્યો હતો. પરંતુ એક અઠવાડિયા સુધી કોઈ ઉદ્યોગો શરૂ કરવામાં ન આવે તેવી સૂચના જિલ્લા વહિવટી તંત્રને આપવામાં આવી હતી. છેલ્લા એકાદ અઠવાડિયામાં નવો કેસ ન નોંધાતા સરકારે આજે નિર્ણય કર્યો છેકે ગુરુવાર ૧૪ મેના રોજથી રાજકોટ શહેરમાં પણ ઉદ્યોગ ચાલુ કરવાની મંજૂરી આપવામાં આવશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના તમામ જિલ્લા કલેકટરો, મ્યુનિસિપલ કમિશનરો, જિલ્લા પોલીસ વડાઓ અને રેન્જ આઈ.જી. સાથે વિડીયો કોન્ફરન્સ બેઠક યોજી છે. જેમાં ૧૭મી મે પછી લોકડાઉનની સ્થિતિમાં કઈ રીતે છૂટછાટ આપી શકાય અને કેવી તકેદારી-સાવચેતી રાખવી તેની જિલ્લાવાર સમીક્ષા સાથે સ્થિતીનો ચિતાર મેળવી ચર્ચાઓ હાથ ધરી છે. આ કોન્ફરન્સમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યાં હતા. વિદેશમાં ફસાયેલા ભારતીયોને લાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ખાસ વિમાની સેવા દ્વારા ભારત પરત લાવવામાં આવી રહ્યાં છે. જેના ભાગરૂપે મનિલામાં ફસાયેલા ગુજરાતના ૧૩૯ વિદ્યાર્થીઓને પરત લાવવામાં આવ્યા છે. આ વિદ્યાર્થીઓ આજે વહેલી સવારે અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા હતા. બિહારના લોકોનો તેમના વતન મોકલવા માટે આજે ગાંધીનગર એસટી ડેપોથી સાબરમતી રેલવે સ્ટેશન માટે બસો ઉપડશે. ભારત સરકારના રેલ્વે મંત્રાલય દ્વારા તબક્કાવાર રેલ સેવાઓ શરૂ કરવામાં આવનાર છે. આ સેવાઓ અન્વયે અમદાવાદ-સાબરમતી સ્ટેશનથી દિલ્હી જવા માટેની પ્રથમ ટ્રેન આજે રવાના થશે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૬૩૫૩ | ૪૨૧ | ૧૮૭૪ |
| વડોદરા | ૫૭૪ | ૩૨ | ૩૧૧ |
| સુરત | ૯૪૪ | ૪૦ | ૫૫૬ |
| રાજકોટ | ૬૬ | ૨ | ૪૬ |
| ભાવનગર | ૯૭ | ૭ | ૪૨ |
| આણંદ | ૮૦ | ૭ | ૭૦ |
| ભરૂચ | ૩૨ | ૨ | ૨૫ |
| ગાંધીનગર | ૧૪૨ | ૫ | ૪૫ |
| પાટણ | ૨૯ | ૧ | ૨૧ |
| પંચમહાલ | ૬૫ | ૪ | ૩૩ |
| બનાસકાંઠા | ૮૧ | ૩ | ૩૬ |
| નર્મદા | ૧૩ | ૦ | ૧૨ |
| છોટા ઉદેપુર | ૧૭ | ૦ | ૧૩ |
| કચ્છ | ૧૪ | ૧ | ૬ |
| મહેસાણા | ૫૯ | ૨ | ૩૭ |
| બોટાદ | ૫૬ | ૧ | ૨૨ |
| પોરબંદર | ૩ | ૦ | ૩ |
| દાહોદ | ૨૦ | ૦ | ૫ |
| ગીર-સોમનાથ | ૧૭ | ૦ | ૩ |
| ખેડા | ૩૨ | ૧ | ૮ |
| જામનગર | ૩૦ | ૨ | ૨ |
| મોરબી | ૨ | ૦ | ૧ |
| સાબરકાંઠા | ૨૭ | ૨ | ૭ |
| અરવલ્લી | ૭૫ | ૨ | ૨૨ |
| મહીસાગર | ૪૬ | ૧ | ૨૮ |
| તાપી | ૨ | ૦ | ૨ |
| વલસાડ | ૬ | ૧ | ૪ |
| નવસારી | ૮ | ૦ | ૭ |
| ડાંગ | ૨ | ૦ | ૨ |
| સુરેન્દ્રનગર | ૩ | ૦ | ૧ |
| દેવભૂમિ દ્વારકા | ૫ | ૦ | ૦ |
| જૂનાગઢ | ૩ | ૦ | ૨ |
| અન્ય રાજ્ય | ૧ | ૦ | ૦ |
| **કુલ** | **૮૯૦૪** | **૫૩૭** | **૩૨૪૬** |

# અમદાવાદમાં ૧૫મી મે બાદ જીવનજરૂરી વસ્તુઓ મળશે

## કરિયાણું, શાકભાજી સહિતની વસ્તુઓ વેચી શકાશે : ચોક્કસ સમયમર્યાદા અને શરતો-માર્ગદર્શિકાને આધીન જીવનજરૂરી ચીજવસ્તુઓ વેચવા અમ્યુકો તંત્રની મંજૂરી

અમદાવાદ,તા.૧૨

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો શાકભાજી અને દુકાનો ખોલવા મામલે સૌથી મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં તા.૧૫મે પછી શાકભાજી, કરિયાણાની દુકાનો અને અનાજ દળવાની ઘંટી શરતોને આધીન ખોલવા દેવાનો નિર્ણય લીધો છે. આ દુકાનો સવારે ૮ વાગ્યાથી બપોરના ૩ વાગ્યા સુધી ખોલી શકાશે. અમદાવાદમાં આગામી ૧૫ તારીખથી ફળ, શાકભાજી, કરિયાણું, ઘરઘંટી શરૂ કરાશે. જો કે, ચોક્કસ નિયમોને આધિન સવારે ૮થી ૩ વાગ્યા સુધી ચાલુ રહેશે. તો, શાકભાજી, ફળના વેપારીઓએ ચોક્કસ જગ્યા પરથી વેચાણ કરવું પડશે. વેચાણ માટે ફેરીયાઓએ હેલ્થ કાર્ડ સાથે રાખવું ફરજીયાત રહેશે.

ઉપરાંત, નાણાની લેતી દેતી માટે અલગ ટ્રે કે વૈકલ્પિક વ્યવસ્થા રાખવાની રહેશે. સાથે સાથે દુકાનદાર અને ગ્રાહક વચ્ચે પ્લાસ્ટીકનું આવરણ ફરજીયાત રાખવાનું રહેશે. તો, હોમ ડિલિવરી એકમો સવારે ૧૦થી સાંજના ૫ સુધી કામ કરી શકશે. દુકાન અને ગ્રાહક વચ્ચે પ્લાસ્ટીકનું આવરણ રાખવાનું રહેશે. ધંધા-રોજગારના વેપારીઓ કે ફેરિયાઓએ અમ્યુકો દ્વારા જારી કરાયેલું હેલ્થ કાર્ડ પણ સાથે રાખવું ફરજીયાત રહેશે. તેમજ તેઓને નાણાની લેતી દેતી માટે અલગ અલગ ટ્રે રાખવાની રહેશે. આ સાથે દુકાનદારો માટે એવો નિયમ ઘડાયો છે કે દુકાન અને ગ્રાહક વચ્ચે પ્લાસ્ટીકનું આવરણ રાખવાનું રહેશે.

હોમ ડિલિવરી કરતા એકમોએ સવારે ૧૦થી સાંજના પાંચ વાગ્યા સુધીનો સમય ફિક્સ કરવામા આવ્યો છે. અમ્યુકો દ્વારા ઉપરોકત તમામ નિર્દેશો અને માર્ગદર્શિકાઓનું પાલન કરવા સ્પષ્ટ તાકીદ કરી છે.

જો, આ નિયમોનું ઉલ્લંઘન થશે તો, તેવા કસૂરવાર વેપારીઓ કે ફેરિયાઓ સામે તંત્ર દ્વારા કાર્યવાહી પણ કરવામાં આવશે. આમ, હવે અમદાવાદ શહેરમાં નગરજનોને ફળ, શાકભાજી, કરિયાણું, આટો સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓ હાથવગી બનશે તેને લઈને અમદાવાદીઓમાં ભારે રાહતની લાગણી ફેલાઈ છે. જો કે, અમ્યુકો તંત્રએ નાગરિકોને પણ મોંઢા પર માસ્ક અને ગ્લવોઝ સહિતની કોરોના સામે રક્ષણ આપતી માર્ગદર્શિકાઓનું પાલન કરવા પણ તાકીદ કરી છે.

# સતત ત્રણ દિવસથી ચાલતા શ્રમિકો હિંમત હાર્યા હવે, નહિ ચલાય...

## સુરતથી ઝાંસી જવા નીકળેલા શ્રમિકો અરવલ્લી પહોંચ્યા

એક તરફ સરકાર દ્વારા જે તે ક્ષેત્રના લોકોને તેમના વતન જવા દેવા માટે મંજૂરી આપી દેવામાં આવી છે. ત્યારે બીજી બાજુ અનેક શ્રમિકોને નજરે ચઢ્યા હતા. હાલ તો નોકરીધંધા બંધ થઈ ગયા હોવાથી ઘરના પણ નહીં ઘાટના પણ નહીં જેવી સ્થિતિ શ્રમિકોની સર્જાઈ છે. હાથ ધરી છે. છતાં કેટલાક શ્રમિકોને પરમીશન ન મળી હોય કે અન્ય કોઈ કારણસર હજારો કિલોમીટર પગપાળા વતન તરફ જવા નિકળી



પગપાળા નિકળી પડવાનો વારો આવ્યો છે. ત્યારે સોમવારના રોજ સુરતથી દિલ્હીના ઝાંસી જવા નિકળેલ શ્રમિકો અરવલ્લીમાં ચાલતા ચાલતા આવી પહોંચ્યા હતા. છેલ્લા ત્રણ દિવસથી ધોમધખતા તાપમાં પણ ચાલીને નિકળેલા શ્રમિકોએ ટીંટોઈમાં વિસામો કરતા

લોકડાઉન શરૂ થયું તે અરસામાં હજારો શ્રમિકોએ પગપાળા વતનની વાટ પકડી હતી. ત્યારે લોકડાઉનને ૪૬ દિવસ જેટલો સમય વીતી જવા બાદ સરકારે જે તે રાજ્યોના પરપ્રાંતિઓને જવા માટે વ્યવસ્થા પણ કરી દીધી છે અને તેઓ માટે ટ્રેન પણ શરૂ કરી વતન મોકલવાની તજવીજ પડ્યા છે. સોમવારના રોજ સુરતથી દિલ્હીના ઝાંસીના કેટલાક શ્રમિકો અરવલ્લીમાં થઈને નિકળ્યા હતા. જેઓએ ટીંટોઈ ખાતે એક ઝાડ નીચે વીસામો કર્યો હતો. તેઓ પાસેથી જાણવા મળ્યા મુજબ તેઓ છેલ્લા ત્રણ દિવસથી ચાલીને સુરતથી અહીં સુધી પહોંચ્યા છે.

# મોડાસામાં મજૂરી કરતા શ્રમિકે રૂપિયા માંગતા માલિકે ફટકાર્યો

કોરોના વાયરસને પ્રસરતો અટકાવવા કેન્દ્ર સરકારે લોકડાઉન લાગુ કરતા સમગ્ર દેશમાં શ્રમિકોને હાલત દયનિય બનતા વતન તરફ પ્રયાણ કરી રહ્યા છે. ૪૯ દિવસના લોકડાઉનમાં ધંધા-રોજગાર બંધ રહેતા શ્રમજીવીઓની રોજગારી છીનવાઈ ગઈ છે. બીજી તરફ વાહન વ્યવહાર બંધ થઈ જતાં રાજયના અનેક શહેરોમાં ફસાયેલા પરપ્રાંતિય શ્રમજીવીઓ ન ઘરના કે ઘાટના રહ્યા છે. લાચાર બની ગયેલા અનેક શ્રમજીવીઓ દયનીય હાલતમાં આવી ગયા છે. અરવલ્લીના મોડાસા તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારનો વીડિયો સોશ્યલ વાયરલ થયો છે જેમાં ખેતમજૂરી કરતા શ્રમિકને ખેતર માલિકે ઢોર માર મારવામાં આવ્યો હોવાનું કહેવાય છે. સમગ્ર મામલો નજીકના પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. મોડાસા તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં



એક ખેડૂતન ત્યાં ખેત મજૂરી કે પછી ખેડૂતના અન્ય કોઈ ધંધા-રોજગારના સ્થળે છેલ્લા એક વર્ષથી મજુરી કરતાં શ્રમીકે વતન જવા માટે માલિકને જણાવતાં અને માલિક પાસે એક વર્ષની મજુરીના રૂપિયા માંગતા બંને વચ્ચે થોડી બોલાચાલી થયા પછી માલિકે રૂપિયા માગનાર શ્રમજીવીને મદદ કરવાનુ તો બાજુમાં રહ્યુ પણ માલિકે ઢોર માર માર્યો હતો. મોંઢાના ભાગે અને પીઠ પાછળ ગંભીર ઈજાઓ થતાં લોહી લુહાણ હાલતમાં શ્રમજીવી કણસી રહ્યો હોવાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા લોકોનાં હદય દ્રવી ઉઠ્યા હતા. શ્રમિકને ઢોર માર મારનાર માલિક સામે લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

કોરોના વાઈરસના હાહાકારથી છેલ્લા ૪૯ દિવસથી લોક ડાઉન છે. આ કપરી પરિસ્થિતિમાં સૌથી વધુ હાલાકી શ્રમજીવીઓની થઈ છે. ધંધા બંધ થઈ થતાં શ્રમજીવીઓની રોજગારી છીનવાઈ ગઈ છે. બીજી તરફ વાહન વ્યવહાર બંધ થઈ જતાં રાજયના અનેક શહેરોમાં ફસાયેલા પરપ્રાંતિય શ્રમજીવીઓ ન ઘરના કે ઘાટના રહ્યા છે.

# પ્રાંતિજ પોલીસ દ્વારા રોડ ઉપરથી ચાલતા જતાં ૧૮ પરપ્રાંતીય મંજૂરોને કોરેટાઈન કરાયા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર અમદાવાદથી ચાલતા યુપી જઇ રહેલા ૧૮ પરપ્રાંતીય યુવાનોને પ્રાંતિજ પોલીસ દ્વારા મેડીકલ ચેકઅપ કરી કોરેટાઈન કરવામાં આવ્યા હતા. મામલતદાર કચેરી તથા પ્રાંતિજ પાલિકા દ્વારા રહેવા જમવાની વ્યવસ્થા કરવામાં આવી.

હાલ દેશ સહિત વિશ્વ ભરમાં કોરોનાની મહામારી લઈને લોકોમાં ભયનો માહોલ છે તો બીજી બાજુ સરકાર દ્વારા જેમ બને તેમ સંક્રમણ ઓછું થાય તે માટે લોકડાઉન ઉપર લોક ડાઉન જાહેર કરવામા આવે છે ત્યારે હાલ ધંધા રોજગાર બંધ થતા લોકો બે રોજગાર થયા છે તો અમદાવાદ ખાતે યુપીથી ધંધારોજગાર માટે આવેલ પરપ્રાંતીયો ધંધા રોજગાર વગર થતા પોતા ના વતન તરફ જઈ રહ્યા છે. ત્યારે આટલી કાળઝાળ ગરમીમાં પણ અમદાવાદથી યુપી ચાલતા જતાં ૧૮ યુવાનો રોડ ઉપર ચાલતા ઘરે જવા નિકળ્યા હતા અને પ્રાંતિજ પોલીસ સ્ટેશન ની હદમાં આવી પહોચ્યા હતાં તો સવાલ એ પણ છે કે જો અમદાવાદથી આવતા કેટલીય ચેકપોસ્ટ રસ્તામા આવે છે પણ કોઈની પણ આ ૧૮ પરપ્રાંતીય યુવાનો ઉપર નજર ના પડી અને પ્રાંતિજ વિસ્તારમાં આવતા જ પ્રાંતિજ પીઆઇ એમ.ડી.ચંપાવતની બાજનજરને લઈને પ્રાંતિજ પીઆઇ દ્વારા તેમણે રોકીને પુછપરછ કરી હતી. તેવા યુવાનોએ જણાવ્યું કે અમે અમદાવાદથી આવીએ છીએ અને હોટલોમાં કામકાજ કરતા હતા પણ



હાલ કોરોનાને લઈને અમારી પાસે કોઇ કામધંધા ના હોવાથી અને કોઇ વાહનો ના મળતાં અમે હાલ તો અમદાવાદથી યુપી ચાલતા જઇ રહ્યા છીએ ત્યારે પ્રાંતિજ પીઆઇ એમ.ડી. ચંપાવત દ્વારા તેમણે રોકવામાં આવ્યા હતા અને આરોગ્ય વિભાગની ટીમની મદદથી મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યો હતો. પ્રાંતિજ મામલતદાર કચેરીના નાયબ મામલતદાર અશોકભાઈ પટેલ, દિગવિજયસિંહ તથા પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશભાઈ પટેલ દ્વારા કમાલપુર ખાતે આવેલ શ્રીમતી એમ.સી. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે તેમની રહેવાની જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. હાલ તો તેમણે કોરેટાઈન કરવામાં આવ્યાં છે અને પ્રાથમિક મેડિકલ ચેકઅપ માં કોઈ પણ સીમટન જોવા મળ્યા ન હતા. રોજ તેમનુ રેગ્યુલર મેડીકલ ચેક અપ કરવામાં આવશે અને ટ્રેન ચાલુ થશે ત્યારે તેમને યુપી ખાતે મોકલી આપવામાં આવશે તેવું પ્રાંતિજ પીઆઇ એમ.ડી. ચંપાવત, નાયબ મામલતદાર અશોકભાઈ પટેલ તથા નગર પાલિકા ચીફઓફિસર આકાશભાઈ પટેલ દ્વારા જણાવવામા આવ્યું હતું.

### વાપસીની વાટે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોટાભાગના ઓરિસ્સા, યુ પી અને બિહારના હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. લાંબા સમયના અંતે પણ આ મજુરોની વતન વાપસી માટે કોઈ પગલા લેવાતા ન હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. શહેર તેમજ આસપાસના વિસ્તારના અંદાજિત ૬૦૦ જેટલા મજુરો વતન વાપસીની વાટે છે. આ માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

### પેકેજ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મજૂર, દેશના ખેડૂત માટે છે, જે દરેક પરિસ્થિતિમાં અને દરેક દિવસમાં દેશવાસીઓ માટે સખત મહેનત કરે છે. આ આર્થિક પેકેજ આપણા દેશના મધ્યમ વર્ગ માટે છે, જે પ્રામાણિકપણે કર ચૂકવે છે. દેશના વિકાસમાં તેનો વિકાસ આપે છે. પીએમ મોદી ભાષણ આજે: પીએમ મોદીએ રાતના આઠ વાગ્યે કોરોના વાયરસ અને લોકડાઉન મુદ્દે રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. વડા પ્રધાને આજે ૨૦ લાખ કરોડના આર્થિક પેકેજની જાહેરાત કરી છે. આ ઉપરાંત ચોથા તબક્કાના લોકડાઉનની જાહેરાત ૧૮ મેથી કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે આ આર્થિક પેકેજ ભારતના ઉદ્યોગ માટે છે, જે ભારતની આર્થિક શક્તિને વેગ આપવા માટે સંકલ્પબદ્ધ છે. આવતી કાલથી શરૂ કરીને, થોડા દિવસો માટે, નાણાં પ્રધાન તમને આત્મનિર્ભર ભારત અભિયાનથી પ્રેરિત આર્થિક પેકેજ વિશે વિસ્તૃત માહિતી આપશે. આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવા માટે દેશએ હિંમતવાન સુધારા સાથે આગળ વધવું હિતાવહ છે. વડા પ્રધાને તેમના સંબોધનમાં કહ્યું હતું કે તમને સમજાયું જ હશે કે છેલ્લાં ઓટ્ઠજિ વર્ષમાં થયેલા સુધારાને લીધે, આજે ભારતની પ્રણાલીઓ સંકટ સમયે આ સ્થિતિમાં વધુ કાર્યક્ષમ લાગી છે, નહીં તો ભારત સરકાર જે નાણાં મોકલશે તે કોની કલ્પના થઈ શકે. ગરીબ ખેડૂતના ખિસ્સા સુધી પહોંચશે.

### ઘોષણા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માહિતી પણ તમને ૧૮ મે પહેલા આપવામાં આવશે. વડા પ્રધાને દેશવાસીઓની ધૈર્યની પ્રશંસા કરી અને ખાસ કરીને મજૂર વર્ગના સંઘર્ષને સલામ કરી. પીએમએ કહ્યું, આ કટોકટી એટલી મોટી છે કે સૌથી મોટી સિસ્ટમ હચમચી ઉઠી છે. પરંતુ આ સંજોગોમાં આપણે, દેશમાં આપણા ગરીબ ભાઈ-બહેનોની સંઘર્ષ-શક્તિ, તેમની સંયમ-શક્તિ પણ જોઈ છે. મોદીએ ભાષણની શરૂઆતમાં કહ્યું હતું કે કરોડો લોકો આખા વિશ્વમાં સંકટનો સામનો કરી રહ્યા છે. તેમણે કહ્યું, આખી દુનિયા જીવ બચાવવા યુદ્ધમાં લાગી ગઈ છે. આપણે આવી કટોકટી જોઈ નથી અથવા સાંભળી નથી. ચોક્કસપણે આ બધું માનવજાત માટે અકલ્પનીય છે. વડા પ્રધાને કહ્યું કે ભલે કટોકટી ગમે તેટલી મોટી હોય, પણ અટકતા નહીં અને થાકશો નહીં. પીએમએ કહ્યું, આ કટોકટી અભૂતપૂર્વ છે, પરંતુ માનવીઓ થાકેલા, ખોવાયેલા, તૂટેલા, વિખૂટા પડ્યા તે સ્વીકાર્ય નથી. જાગ્રત રહેવું, આવા યુદ્ધના તમામ નિયમોને અનુસરીને આપણે તેને ટાળવું પડશે અને આગળ વધવું પણ પડશે. વડા પ્રધાને દેશ અને દુનિયામાં કોવિડ -૧૯ દર્દીઓનાં મોત પર દુખ વ્યક્ત કર્યું હતું અને પીડિતોનાં પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

### ટ્રેન રવાના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સોમવારથી આઈઆરસીટીસી વેબસાઈટ પર બેઠકોનું બુકિંગ શરૂ કરાયું હતું ટિકિટ બુક કર્યા પછી, ઘણા લોકો ઘરે રાહ જોતા નહોતા. કેટલાક લોકો સવારે રેલ્વે સ્ટેશન પહોંચ્યા હતા જ્યારે ટ્રેન સાંજે ચલાવવાની છે. નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર મોટી સંખ્યામાં ભીડ એકઠી થઈ ગઈ છે. રેલ્વેના મતે, તેનું શેડ્યૂલ બનાવવામાં આવ્યું છે જેથી પ્લેટફોર્મની ભીડ ન રહે. બધી ટ્રેનો સામાજિક અંતર અને સ્વચ્છતાના ધોરણને અનુસરીને ચલાવવામાં આવશે. ટ્રેનમાં બેઠેલા મુસાફરના મોં પર માસ્ક છે. કોચમાં મુસાફરોને સામાજિક અંતર હેઠળ બેઠકો આપવામાં આવી છે. લગભગ બે મહિનાના સમય પછી, કોઈ આ ટ્રેનો પર બેઠું છે. મુસાફરો બહુ ઓછા છે પરંતુ તેમનો રેલ પ્રત્યેનો પ્રેમ એક સરખો છે. લગભગ સાત અઠવાડિયાના લોકડાઉન પછી ટ્રેન સેવાઓ શરૂ થઈ રહી છે. કેટલાક લોકો ફેસ શિલ્ડ પહેરીને ટ્રેન પકડવા દિલ્હી આવ્યા છે. મંગળવારે સવારે જે લોકોએ ટ્રેનની ટિકિટ બુક કરાવી હતી તેઓ સ્ટેશન પર પહોંચી ગયા હતા. રેલ્વેએ કહ્યું હતું કે આ સ્ટેશન ૯૦ મિનિટ પહેલાં પહોંચી જશે. ૧૨ વાગ્યા સુધીમાં, સારી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા, જ્યારે ટ્રેનનો સમય સાંજના ૪ વાગ્યે છે. નવી દિલ્હીથી પટણા માટે ખાસ ટ્રેન સાંજે ૫: ૧૫ વાગ્યે ખુલશે. એક મુસાફરના કહેવા મુજબ, તે બપોરે ૨ વાગ્યાની આસપાસ સ્ટેશન પર ચાલવા લાગ્યો. તેમણે એએનઆઈને કહ્યું, હું રાત્રે ૨ વાગ્યે સ્ટેશનથી નીકળ્યો હતો, આજે અહીં પહોંચ્યો છું. આવતીકાલે પટણા પહોંચશે.

### ઉડાણ પર રોક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જ સમયે, ચેક-ઈન પર ફક્ત એક જ બેગ લઈ શકાય છે, જેનું વજન ૨૦ કિલોથી ઓછું હશે. મંત્રાલયે હાલમાં હવાઈ મુસાફરીથી સંબંધિત તમામ હોદ્દેદારોને, જેમ કે ડીજીસીએ, એર કંપનીઓ, વિમાનમથક સંચાલકો વગેરેને એક પ્રમાણભૂતૌપરેટિંગ કાર્યવાહી મોકલી છે. આ એસ.ઓ.પી. અનુસાર, તમામ હવાઈ કર્મચારીઓ અને મુસાફરોએ તેમના મોબાઈલ ફોન્સ પર આરોગ્ય સેતુ એપ્લિકેશન ડાઉનલોડ કરવાની રહેશે. જો કોઈ મુસાફર કોરોના વાયરસના સંકેતો બતાવે છે, અથવા જો એપ્લિકેશન તેને લીલોતરી બતાવશે નહીં, તો તેને એરપોર્ટ પર પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. વડા પ્રધાનના સંબોધન પહેલાં મંત્રાલયે આ એસઓપી મોકલીને કહ્યું છે કે લોકડાઉનના ત્રીજા તબક્કા પછી હવાઈ મુસાફરી શરૂ થઈ શકે છે.

### હેલિકોપ્ટરો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એરક્રાફ્ટને ટ્રેસ કરવા માટે બનાવવામાં આવી છે. તે હવાઈ સંરક્ષણ શસ્ત્ર પ્રણાલીઓને પૂર્વ ચેતવણી આપે છે. ૨ ડી લો-લેવલ લાઈટવેઈટ રડાર (એલએલએલઆર) એ હલકો વજનવાળી બેટરી સંચાલિત કઠ્ઠૅમ્પેક્ટ સેન્સર છે જે યુએવી, આરપીવી, હેલિકોપ્ટર અને નિમ્ન અને મધ્યમ ઠ્ઠંચાઈ પર ઉડતા નિશ્ચિત વિંગ એરક્રાફ્ટ જેવા પ્રતિકૂળ હવાઈ લક્ષ્યો સામે પર્વતીય વિસ્તારોમાં ૨હ્ર સર્વેલન્સ પ્રદાન કરે છે. તે સંવેદનશીલ વિસ્તારો અથવા નબળા સ્થળોને સુરક્ષા પૂરી પાડવા માટે કાર્યરત હવાઈ સંરક્ષણ શસ્ત્ર પ્રણાલી માટે પ્રારંભિક ચેતવણીનું કામ કરે છે. અશ્લેશા ૩ ડી રડાર છે. તેને મેદાનોથી રણ, પર્વતની શિખરો સુધી જમાવટ કરી શકાય છે. તે તમામ પ્રકારના હવાના લક્ષ્યો શોધી કા઼. છે. તે એકલ અને નેટવર્ક બંને સ્થિતિમાં કામ કરે છે. ૫ મેના રોજ, પેંગોંગ તળાવની ઉત્તર કાંઠે ભારત અને ચીનની સૈનિકો વચ્ચે ટકરાઈ. ઝપાઝપીની સાથે પથ્થરમારો પણ થયો હતો. બંને પક્ષના સૈનિકો ઘાયલ થયા હતા.

### લાખ પરીક્ષણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોવિડ-૧૯ સામેની લડતમાં, આપણો મૃત્યુ દર વિશ્વમાં લગભગ સૌથી નીચો છે. આજે મૃત્યુ દર દર ૩.૨ ટકાની આસપાસ છે, કેટલાક રાજ્યોમાં તે આના કરતા પણ ઓછો છે. વૈશ્વિક મૃત્યુ દર ૭-૭.૫ ટકાની આસપાસ છે, હર્ષ વર્ધનએ જણાવ્યું હતું. મેં અગાઉ કહ્યું હતું કે અમે ૩૧મી મે સુધીમાં અમારી પરીક્ષણ ક્ષમતા દરરોજ ૧ લાખ પરીક્ષણો સુધી વધારીશું. અમે તેનો નિર્માણ કરી ચૂક્યો છે. હવે, આપણે દરરોજ એક લાખ પરીક્ષણો કરી શકીશું. ૧૧ મેએ ૮૬,૧૯૧ પરીક્ષણો લેવામાં આવ્યા હતા. ૩૪૭ છે. તેમણે જણાવ્યું હતું કે દેશમાં સરકારી લેબ અને ૧૩૭ ખાનગી લેબ્સ છે. ફેબ્રુઆરીમાં અમારી પાસે એન.આઈ.વી. પૂનાની એક જ લેબ હતી. ભારતમાં હવે ૪૮૪ લેબ્સ છે.